REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. XLVII ] FRIDAY, 22nd SEPTEMBER, 2006/BHADRAPAD 31, 1928 [ No. 51**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

## PART-II EXTRAORDINARY

*(ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ : ૪૨ અને તેના નિયમો-૧૯૭૯નો નિયમ : ૧૮ હેઠળ)*

## અધિસૂચન

### નગર રચના યોજના નં. ૩૯ (વરીયાવ) : સુડા, સુરતનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા અંગે

પત્ર નં. સુડા/યુ.૩/ટીપીએસ-૩૯ (વરીયાવ) ૦૬.- આથી જાહેર કરવામાં આવે છે કે,ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અને તેના નિયમો ૧૯૭૯ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૯ (વરીયાવ) (સુડા) સુરતના મુસદ્દાની દરખાસ્તો તૈયાર કરવામાં આવી છે. સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૨૩-૧૨-૨૦૦૫ ના ઠરાવ નં. ૨૪૨૮થી મુસદ્દારૂપ નગર રચના યોજના કરવાનો ઈરાદો જાહેર કર્યા પછી સદર યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજૂરી માટે સાદર કરવાની આગળની નિયમો અનુસારની જરૂરી તમામ કાર્યવાહી કરવા માટે 'સુડા'ના મુખ્ય કારોબારી અધિકારીશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવેલ છે, આ નિયમો અનુસારની કાર્યવાહીમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨ અને તેના નિયમો ૧૯૭૯ના નિયમ-૧૮ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજનાને પ્રસિધ્ધ કરવાની કાર્યવાહીનો સમાવેશ થઈ જાય છે. ઉકત મુસદ્દારૂપ નગર રચના યોજનાની હદો નીચે મુજબ છે.

નગર રચના યોજના નં. ૩૯ (વરીયાવ) : સુડા, સુરત.

ચર્તુઃસીમા :

ઉત્તરે : ક્રિભકો રેલ્વે લાઈન અને વરીયાવ ગામના નંબરો ૮૫/૨, ૮૮/૨, ૯૫/૨/પૈકી, ૯૬/૨/પૈકી, ૧૧૬/૨/પૈકી, ૧૧૫/૨/પૈકી, ૧૧૫/૨, ૧૧૩/૨ વિગેરે.

દક્ષિણે : તાપી નદી

પૂર્વે : વરીયાવ ગામના નંબરો, ૧૪૩/૨, ૧૩૯, ૧૩૮, ૧૧૮, ૧૨૯/૧, ૧૩૪/૧, ૧૩૩/૧ વિગેરે.

પશ્ચિમે : લાગુ એસ.એમ.સી.ની હદ અને જહાંગીરપુરા ગામનો સીમાડો અને તેના નંબરો-૯૫/પૈકી, ૯૫, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૪૦, ૧૪૧ વિગેરે સારોલી ગામનો અંશતઃ સીમાડો અને લાગુ બ્લોક નંબર ૯૪ વગેરે.

સદરહુ નગર રચના યોજનાની હદ વિસ્તારમાં સમાવિષ્ટ થતી જમીનોના બ્લોક નંબરોની યાદી.

મોજે : વરીયાવના બ્લોક નંબર :

૩૯, ૪૦/એ, ૪૦/બી, ૪૧/એ, ૪૧/બી, ૪૨ થી ૪૫, ૪૬/૧, ૪૬/૨, ૪૭, ૪૮/૧, ૪૮/૨, ૪૯/૧, ૪૯/૨, ૪૯/૩, ૫૦ થી ૫૬, ૫૭/૧, ૫૭/૨, ૫૭/૩, ૫૮/૧/પૈકી-૧, ૫૮/૧/પૈકી-૨, ૫૮/૨/પૈકી-૧, ૫૮/૨/પૈકી-૨, ૫૯/૧, ૫૯/૨, ૬૦ થી ૬૨, ૬૩/૧, ૬૩/૨, ૬૪ થી ૭૫, ૭૬/૧, ૭૬/૨/૧, ૭૬/૨/બી, ૭૭ થી ૭૯, ૮૦/એ, ૮૦/બી, ૮૧, ૮૨, ૮૩/બી, ૮૪/બી, ૯૫/૨/બી, ૯૫/૨/સી, ૯૬/૨/બી, ૯૭, ૯૮, ૯૯, ૧૦૦/૧, ૧૦૦/૨, ૧૦૧, ૧૦૨, ૧૦૩/૧, ૧૦૩/૨, ૧૦૪/૧, ૧૦૪/૨, ૧૦૫ થી ૧૧૧, ૧૧૨/બી, ૧૧૫/૨/એ, ૧૧૫/૩/બી, ૧૧૬/૨/બી, ૧૨૫/૨/બી, ૧૨૬/એ, ૧૨૭, ૧૮૩, ૧૮૪, ખરાબ રીવર ફ્રન્ટ એરીયા તથા કેનાલની જમીનો.

આ યોજનાના મુસદ્દાની નકલ જાહેર જનતાને જોવા સારૂં સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરી "સુડા ભવન", કલેક્ટર કચેરીની બાજુમાં, નાનપુરા, સુરતના સરનામે કચેરીના કામકાજના સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

યોજનાના મુસદ્દાની આ દરખાસ્તોથી અસર પામનાર કોઈપણ વ્યક્તિએ તેના વાંધા આ નોટિસ સરકારી રાજ્યપત્રમાં જાહેર થયેથી એક મહિનાની અંદર લેખિત સ્વરૂપે સુરત શહેરી વિકાસ સત્તામંડળને રજુ કરવા.

સુરત શહેરી વિકાસ સત્તામંડળ આ યોજનાનો મુસદ્દો રાજ્ય સરકારને મંજુર માટે મોકલે તે પહેલા આ વાંધા અને સૂચનોની તેના ગુણદોષ પર વિચારણા કરશે.

સુરત, ૨૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૬

(સહી) અવાચ્ય,
મુખ્ય કારોબારી અધિકારી,
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.